## સાર સમાચાર

# પરમાનંદ શ્વે.મૂ.પૂ.જૈન સંઘમાં ઉપકરણ વંદના

**અમદાવાદ :** પાલડી વીતરાગ સોસાયટી ખાતે પરમાનંદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ખાતે મુનિ હંસબોધિજી મ.સા.ની નિશ્રામાં રવિવારે સવારે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો હતો. બાદમાં સંયમવાટિકામાં સંયમવંદનાવલી અને ઉપકરણ વંદનાવલીનો કાર્યક્રમ યોજાયો હતો. સંઘના સિક્યોરિટી ગાર્ડ, સફાઇ કામદાર મહિલા સહિત તમામ સ્ટાફ મેમ્બરના સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેમને રોકડ ઇનામો એનાયત કરાયા હતા. રાત્રે 8.30 કલાકે વીતરાગ સોસાયટીના કેમ્પસમાં મા-બાપને ભૂલશો નહિનો કાર્યક્રમ બતાવાયો હતો. આ પ્રસંગે કનકસુંદર મ.સા. સહિત અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત રહ્યા હતાં.

# યુનિયન બેન્ક SC-ST એસો.ની રજતજયંતી

**અમદાવાદ :** ઓલ ઇન્ડિયા યુનિયન બેન્ક એસસી., એસટી એમ્પલોઇઝ એસોસિએશનનાં 25 વર્ષ પૂર્ણ થતાં રજતજયંતી વર્ષની તાજેતરમાં ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે યુનિયન બેન્ક ઓલ ઇન્ડિયાના ચેરમેન- મેનેજીંગ ડિરેકટર ડી. સરકાર, ભારત સરકારના નેશનલ કમિશનના સભ્ય રાજુ પરમાર, સાંસદ પ્રવીણ રાષ્ટ્રપાલ, બેન્કના એકિઝ.ડિરેકટર એસ.કે.જૈન, જનરલ મેનેજર કે.કે. ઠાકુર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડો.આંબેડકરની 122મી જન્મજયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે ભીમ પ્રકાશ-2013 નામના પુસ્તકનું વિમોચન અને એસસી,એસટી એસો.ની ઓલ ઇન્ડિયાની વેબસાઇટનું ઓપનિંગ કરાયું હતું.

# પથરી મોટી હોય તો પિત્તાશયના કેન્સરનું છ ગણું જોખમ

**અમદાવાદ :** પિત્તાશયમાં પથરીની સાઇઝ મોટી હોય અને તે કાંઇ તકલીફ આપતી ન હોય તો તેની અવગણના કરવી જોખમકારક છે. જેમને પિતાશયની પથરીની સાઇઝ મોટી હોય તેવા પિત્તાશયના કેન્સરની શકયતા છ ગણી વધુ છે. પરંતુ તેનું વહેલું નિદાન અને આધુનિક ટેક્નોલોજીની મદદથી વધતું અટકાવી શકાય છે. સ્ટર્લિંગ હોસ્પિટલના લિવર સર્જન ડો. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે વિશ્વમાં ગોલ બ્લેડરનું સૌથી વધુ કેન્સર ભારતમાં થાય છે, ખાસ કરીને ગંગા નદીની આસપાસમાં વસતાં લોકો અને તેમાંય સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.